# અનુવાદો અને અનુવાદોની સમીક્ષા વિષે

ભારતીય જ્ઞાનપીઠે રઘુવીર ચૌધરીને અને મને ૧૯૬૮ની ઉમાશંકર જોશીની જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કૃતિ 'નિશીથ' અને તે સાથે એમની 'પ્રાચીના'ના હિન્દી અનુવાદનું કામ સોંપ્યું હતું. અમે બન્ને હિન્દીના અધ્યાપકો હતા અને ગુજરાતી અમારી ભાષા હતી.

અમારે એવી ભાષામાં અનુવાદ કરવાનો હતો, જે અમારી 'શીખેલી' હતી, અને તે પણ કવિતાનો. ગુજરાતીમાં જે પ્રમાણમાં ગાંધીયુગીન કવિતામાં સંસ્કૃતવૃત્તોનો પ્રયોગ થતો હતો, સૉનેટ જેવાં કાવ્યસ્વરૂપો વપરાશમાં હતાં, હિન્દી કવિતામાં એનો લગભગ અભાવ હતો. એટલે સંસ્કૃતવૃત્તોમાં લખાયેલી કવિતાને અમે હિન્દી મુક્તછંદમાં ઉતારવાનું વિચાર્યું, એવી રીતે સૉનેટ જેવાં કાવ્યરૂપોને અનુવાદમાં બાંધી ન રાખવાં એવી સ્વયં કવિની સલાહથી સ્વીકારી લીધું હતું.

જ્ઞાનપીઠના સંચય માટે 'નિશીથ' સિવાયની અન્ય ઉત્તમ કવિતાઓનો પણ આ અનુવાદ પ્રકલ્પમાં સમાવેશ હતો. પ્રત્યેક અનુવાદ રઘુવીર ચૌધરી અને હું – ઉમાશંકર આગળ વાંચતા. અમારે માટે અનુવાદનું આ પ્રશિક્ષણ પણ હતું. એ રીતે 'પ્રાચીના'ના મિશ્રોપજાતિ અને અન્ય સંસ્કૃત છંદો વિષે પણ મુક્ત છંદના માર્ગે જવાનું યોગ્ય લાગ્યું. આ બન્ને અનુવાદગ્રંથો દ્વિભાષી – મૂળ ગુજરાતી દેવનાગરી લિપિમાં અને સામે હિન્દી અનુવાદ, 'નિશીથ એવં અન્ય કવિતાએં'ની તો ઘણી આવૃત્તિઓ થઈ છે, પણ આજે મને લાગે છે (રઘુવીર ચૌધરીને નથી લાગતું) કે એ અનુવાદ કોઈ 'હિન્દી' કવિ સાથે બેસીને પણ કર્યા હોત !

અમારા અનુવાદ સારા છે કે નથી, એ વિષે હિન્દીભાષી વિવેચકોનો, એક અવલોકનકારને બાદ રાખી, અભિપ્રાય મળ્યો નથી !

આપણે ત્યાં કે અન્ય ભાષાઓમાં બીજી ભાષાઓમાંથી અનુવાદો થતા આવ્યા છે, પણ અનુવાદની સમીક્ષાની રીતિ જોવા ઓછી જ મળે છે. અનૂદિત ગદ્યકૃતિઓ – નવલકથા, વાર્તા, નાટક આદિની સમીક્ષા કે અવલોકનમાં મુખ્યત્વે તે કૃતિની સમીક્ષા હોય છે અને અંતે જતાં એકાદ પરિચ્છેદમાં અનુવાદક પર કૃપા કરવાની હોય એમ 'અનુવાદ સુવાચ્ય છે', 'અનુવાદ મૂળ કૃતિને વફાદાર છે' કે 'અનુવાદ સફાઈબંધ નથી' એવા અર્થનાં વાક્યો લખી દેવામાં આવે છે. કવિતાના અનુવાદોની ચર્ચા મૂળ પાઠ સાથે સરખાવીને થાય છે ખરી, તેમાં જો સમીક્ષકનો મૂળ ભાષા અમે લક્ષ્યભાષા પર અધિકાર હોય – તો સમીક્ષા સારી રીતે થાય છે.

ઉમાશંકરે પોલિશ કવિતા અંગ્રેજીમાં અનૂદિત સૉનેટોનો 'ગુલે પોલાંડ' નામથી અનુવાદ કર્યો હતો, જેની એટલી તળગામી સમીક્ષા નગીનદાસ પારેખે ઉમાશંકરે જે અંગ્રેજી પાઠ પરથી અનુવાદ કરેલો, અને ઉપરાંત બીજા અનુવાદને લક્ષ્યમાં રાખી દીર્ઘ સમીક્ષા લખી અને અનુવાદની ઘણી બધી ખામીઓ સોદાહરણ બતાવી, ઉમાશંકરે કદાચ એટલે 'ગુલે પોલાંડ'ની વર્ષો થયાં પછી પણ બીજી આવૃત્તિ નહિ કરેલી. પણ એ ઉમાશંકર જ્યારે કાલિદાસ કે ભવભૂતિને અનૂદિત કરે છે, ત્યારે એ અનુવાદોને કેટકેટલી વાર મઠારે છે, તેમાં એમના અનુવાદના ઝીણવટથી સમીક્ષા કરનાર વિવેચકોનો યોગ છે.

નગીનદાસે હંસા મહેતાએ કરેલા વાલ્મીકિ રામાયણના 'કાંડો'ની પણ મૂળ સંસ્કૃત સાથે સરખાવી સમીક્ષા કરી અનુવાદની અપર્યાપ્તતા બતાવેલી અને એટલે સુધી લખ્યું હતું કે હંસાબહેનને 'અનુષ્ટુપ' પણ બરાબર આવડતો નથી. જયંતી દલાલે કરેલા ડિકન્સન 'ગ્રેટ એક્સ્પેક્ટેશન્સ'નો અને 'આશા બહુ લાંબી' નામના અનુવાદની મોહનભાઈ પટેલે એટલી લાંબી સમીક્ષા કરી, જેમાં અનુવાદની ત્રૂટિઓ બતાવવામાં આવેલી, તે આખો લેખ પછી 'ગ્રંથ'માં નહિ છપાયેલો !

આપણે કુશળ અનુવાદકોના સૈન્યની જરૂર છે, એ સાથે પ્રહરીદાર જેવા અનુવાદ સમીક્ષકોની પણ જરૂર છે. ગુજરાતી સાહિત્ય પરિષદે અનુવાદ કેન્દ્ર સ્થાપ્યું છે, અનુવાદમાં રસ ધરાવતા મિત્રો તે નિમિત્તે મળે છે. ક. લા. સ્વાધ્યાયમંદિરે અનુવાદનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કર્યો છે. દરેક યુનિવર્સિટીમાં અનુવાદના પ્રશિક્ષણના કાર્યક્રમો હોય તો સારું. હવે તો યંત્ર અનુવાદોનો યુગ આવી ગયો છે, તેમ છતાં 'માણસ'ને હાથે થયેલા અનુવાદોની જરૂર રહેવાની જ.

૨૪-૩-૨૦૧૨ **ભોળાભાઈ પટેલ**